| | |
|---|---|
| રજુ તારીખ | ૦૫/૦૪/૨૦૨૪ |
| દાખલ તારીખ | ૦૫/૦૪/૨૦૨૪ |
| ફેંસલ તારીખ | ૨૨/૦૬/૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ : માસ: દિન: |

## મહે. લેબર કોર્ટ અમદાવાદના ન્યાયાધીશ (જે.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.

**ફોજદારી કેસ નં.૮૫૪/૨૦૨૪**

**આંક–**

**ફરિયાદી :– ઈન્સ્પેકટર ઓફ ઈન્સ્પેકશન ઓફ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન, અમદાવાદ.**

**: વિરૂધ્ધ :**

**આરોપીઓ :–** ૧) **શ્રી નિમેષભાઈ ડી. પટેલ**
હે. ૮૦૨, સરમાઉન્ટ, ઈસ્કોન ટેમ્પલની નજીક,
રીલાયન્સ માર્કેટની સામે, એસ.જી.હાઈવે,
અમદાવાદ.

૨) **બાંધકામ સંસ્થા**
**મારુતી ઈન્ફ્રાસ્ટ્રકચર લી.**
હે. ૮૦૨, સરમાઉન્ટ, ઈસ્કોન મેગા મોલની સામે,
એસ.જી.હાઈવે, અમદાવાદ.

**ગુન્હો:– ધી બી.ઓ.સી.ડબલ્યુ એકટ અન્વયેના નિયમોના હેઠળના ભંગ બદલ કલમ–૪૭, ૪૮ મુજબ.**

## –: ચૂ કા દો :–

**(૧)** અત્રેની કોર્ટ સમક્ષ ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ ફરીયાદ રજૂ કરતા, ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦(એ) ધ્યાને રાખી, ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને, આરોપીઓને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. ફરિયાદની હકીકત મુજબ, ફરિયાદીએ આરોપીઓની બાંધકામની સાઈટની મુલાકાત લીધેલી અને સદર કાયદાના **નિયમ– ૮૪** નો આરોપીએ ભંગ કરેલ હોવાનુ જણાયેલ. આમ, આરોપીએ સદરહુ કાયદાની **કલમ–૪૭, ૪૮** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોય, જેથી હાલની ફરીયાદ દાખલ થયેલ છે.

**(૨)** આરોપીઓને સમન્સ ઈસ્યુ કરતા, આરોપી/આરોપી વતી અધિકૃત વ્યકિત હાજર થયેલ. તેમને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ તેમને ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ? તેવું પૂછતા, આરોપી/આરોપી વતી અધિકૃત વ્યકિત પોતે ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત પુરસીસ, ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ અન્વયે રજૂ કરેલ છે. આરોપી/આરોપી વતી અધિકૃત વ્યકિત ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં તેમણે પોતાનો ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે, જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે. જેમાં પણ આરોપી/આરોપી વતી અધિકૃત વ્યકિત ગુનો કબુલ કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા

નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આરોપીએ **ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોઈમેન્ટ એન્ડ કન્ડીશન ઓફ સર્વિસ) રૂલ્સ–૨૦૦૩ ના નિયમ– ૮૪** નો ભંગ કરીને તે કાયદાની **કલમ–૪૭, ૪૮** મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. આમ, હાલના કેસમાં આરોપીઓએ સ્વેચ્છાએ કબૂલ કરતા હોઈ, તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે. આરોપીઓએ જે ગુનો કરેલ છે તે ધ્યાને લેતા તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ *નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯* ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા, આરોપી/આરોપી વતી અધિકૃત વ્યકિત વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ફરીથી ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

## –: હુકમ ::–

(૧) પ્રત્યેક આરોપી/આરોપી વતી અધિકૃત વ્યકિતને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૫૨ મુજબ **ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોઈમેન્ટ એન્ડ કન્ડીશન ઓફ સર્વિસ)રૂલ્સ–૨૦૦૩** ના **નિયમ– ૮૪** ના ભંગ બદલ કલમ–**૪૭, ૪૮** મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને તેમને સદર ભંગ બદલ **રૂા.૫૦૦/–× ૧ નિયમ × ૨ આરોપી × ૧૨ કામદારો** મળીને કુલ્લે **રૂા.૧૨,૦૦૦/–(અંકે રૂપિયા બાર હજાર પુરા)** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) જો કોઈ આરોપી/આરોપી વતી અધિકૃત વ્યકિત દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) બચાવપક્ષે ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજરોજ તા.૨૨/૦૬/૨૦૨૪ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૨૨/૦૬/૨૦૨૪
સ્થળ : અમદાવાદ.

**(એન.આર.વધવાણી )**
**જજ (જુનીયર ડિવીઝન)**
**લેબર કોર્ટનં.૭, અમદાવાદ.**
**CODE : GJ01368**